કોરોના કાતિલ : ઉત્તર ગુજરાતમાં ૧૦ હજાર લોકો કોરોનાથી સંક્રમિત, સાબરકાંઠામાં સતત બીજા દિવસે ૯નાં મોત

સરકારી હોસ્પિટલો-ખાનગી હોસ્પિટલોમાં હજુ પણ ઓક્સિજનની અછત, અટળક દર્દીઓ, બેડ મળતા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ઉત્તર ગુજરાતમાં એક જ દિવસમાં વિક્રમી ૯૮૭૩ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. સાબરકાંઠામાં સતત બીજા દિવસે કોરોનાથી ૯ દર્દીના મોત નિપજ્યા છે. કોરોના કાતિલ બની જતાં પ્રજાએ હજુ પણ સાવધ રહેવું પડશે. કોરોનાનું સંક્રમણ વધતાં અનેક વિસ્તારોમાં વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉન એક સપ્તાહ લંબાવ્યું છે. છેલ્લા ૨૪ કલાકથી સરકારી હોસ્પિટલો, ખાનગી હોસ્પિટલોમાં હજુ પણ ઓક્સિજનની અછતના આક્રોશ સાંભળવા મળ્યા છે. અઢળક દર્દીઓ છે પરંતુ બેડ મળતા નથી. તંત્રને મદદરૂપ થવા માટે હવે ગ્રામ્ય વિસ્તારમાં સ્થાનિક પંચાયતો, સેવાભાવિઓ દ્વારા આયસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે.

દેશમાં કોરોનાની સુનામીએ તબાહી મચાવી છે. ઉત્તર ગુજરાત સંપૂર્ણપણે કોરોનાના અજગરી ભરડામાં આવી ગયો છે. દૈનિક સંક્રમિત લોકોની સંખ્યા ૧૦ હજારની નજીક પહોંચી છે. આ માત્ર સરકારી દફતરનો આંકડો છે પરંતુ મોટાભાગના લોકો સંક્રમિત થયા પછી ખાનગી લેબોરેટરીમાં કોરોનાનો રિપોર્ટ મેળવે છે અને પોઝિટિવ હોય તો હોમ ક્વોરન્ટાઈન થઈ જાય છે તે જોતાં ઉત્તર ગુજરાતમાં દૈનિક ૧૬ હજારથી વધુ લોકો સંક્રમિત થતા હોવાની આશંકા છે. રાજ્ય સરકારે દરેક જિલ્લાઓમાં નવા ઓક્સિજન પ્લાન્ટ્સ સ્થાપવા માટે યુદ્ધના ધોરણે કાર્યવાહી શરૂ કરી સીધો હવામાંથી જ ઓક્સિજન મેળવવાની કામગીરી કેટલાક જિલ્લાઓમાં શરૂ થયા પછી પણ સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠામાં ઓક્સિજનની અછત મુદ્દે દર્દીના સગાઓ જ્યાં ઓક્સિજન મળે ત્યાં કાળઝાળ ઉનાળામાં દોટ લગાવે છે. ભૂખ્યા, તરસ્યા કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા પછી પણ ક્યારેક ઓક્સિજન નસીબ થતો નથી. જે રીતે ઓક્સિજન મેળવવા માટે પ્રજા દોટ લગાવી રહી છે તે જોતાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમિત દર્દીઓમાં ઓક્સિજનનું લેવલ સતત ઘટી રહ્યું છે જે ચિંતાનો વિષય છે.

૨૪ કલાકમાં કોરોના સંક્રમણ...

જિલ્લો	સંક્રમિત સંખ્યા	મૃત્યુ
મહેસાણા	૪૬૫૪	૦૩
પાટણ	૧૯૩૫	૦૨
સાબરકાંઠા	૧૩૧૨	૦૯
બનાસકાંઠા	૧૧૧૭	૦૧
અરવલ્લી	૮૫૫	૦૨

રૂવચમાં સોમેશ્વર દાદાના મંદિરના જીનોદ્ધારનું ખાતમુહૂર્ત

સ્વયંભૂ શિવલિંગ ધરાવતા સોમેશ્વર દાદાનું અધ્યતન ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવશે : એક જ પરિવારના માતબર દાનથી વિસ્તારનું એક માત્ર ભવ્ય મંદિર બનશે..

ઈડર તા.૧

ઈડર તાલુકાના રૂવચ ગામના પૌરાણિક અને ઐતિહાસિક સોમેશ્વર મંદિર ના જીનોદ્ધાર નું ખાત મુહરત કરવામાં આવ્યું .સ્વયંભૂ શિવલિંગ અને લોકોની આસ્થા અને વિશ્વાસનું પ્રતીક સોમેશ્વર દાદાનું શિવ મંદિર ના પૌરાણિક હોઈ દીવાલો જર્જરીત થતા ભવ્ય અને દિવ્ય મંદિર બનાવવા માટે ગામના જ જગદીશભાઈ જોશી પરિવાર તરફથી મંદિર ના નવા નિર્માણ માટે માતબર રકમ દાન આપી લાખો રૂપિયા ના ખર્ચે આ વિસ્તારમાં અદ્યતન મંદિર નિર્માણ પામશે.જેનું ખાતમુહૂર્ત આજે શાસ્ત્રોકત વિધી પ્રમાણે કરવામાં આવ્યું ,મંદિર નિર્માણ ના યજમાન જગદીશભાઈ જોષી ના પરિવારજનો ધ્વરા દસ લાખ જેટલુ માતબર દાન આપવામાં આવ્યું છે.

રેન્જ આઈ.જી. સ્તરની તપાસ જરૂરી : બાયડમાં ધમધમતો દેશી-વિદેશી દારૂનો કારોબાર, દારૂ પી રોડ ઉપર આળોટતા નશાબાજ

ટાઉન સ્ટાફની કામગીરી સામે સવાલ ઉઠ્યા, અનેક મહિલાઓ વિધવા થઈ રહી છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

લૉકડાઉનમાં બાયડના તમામ ધંધા-રોજગાર ૯ દિવસ જડબેસલાક બંધ રહ્યા પરંતુ દારૂનો વેપલો બેરોકટોક ચાલુ રહ્યો હતો. બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂબંધીના નામનું નાટક લાંબા સમય સુધી ચાલુ રહ્યું છે. ગત રોજ દેશી દારૂ પી ને રોડ ઉપર આળોટતા નશાબાજને સુરક્ષિત જગ્યાએ મૂકવામાં આવ્યો હતો. બાયડ પોલીસ સ્ટેશનના ટાઉન સ્ટાફની કામગીરી સામે સવાલ ઉઠ્યા છે. દારૂની લતે અનેક લોકો ચઢી જતાં બાયડમાં વિધવાઓનું પ્રમાણ વધ્યું છે.

એક સમય હતો કે બાયડમાં દારૂબંધીની અસરકારક અમલવારી થતી ન હતી. જેના કારણે જનતા રેડ શરૂ થઈ હતી. બાયડ તેમજ અરવલ્લી જિલ્લામાં ધમધમતા દારૂના અડ્ડા મુદ્દે વિધાનસભા ગૃહમાં આક્રમક રજૂઆત થઈ હતી. બે દિવસ તપાસના દેખાડા ચાલ્યા પછી બધું હતું તેમ ગોઠવાઈ ગયું. કોરોનાના કપરા કાળમાં ધંધા-રોજગાર આંશિક અને સ્વયંભૂ બંધ રહ્યા હતા. કારણ કે કોરોનાનો ચેપ કોઈની જીંદગી હણી ન જાય. પરંતુ બાયડ પોલીસના ખુલ્લા આશીર્વાદથી બાયડમાં ઠેકઠેકાણે દારૂની હાટડીઓ ધમધમી રહી છે. દારૂ પીનારા દારૂ પી ને પોતાના ઘેર જતા રહે ત્યાં સુધી પોલીસને વાંધો ન હોય તો પ્રજાને પણ કાંઈ વાંધો નથી પરંતુ ધોમધખતા તાપમાં દારૂ

ઢીંચી રોડ ઉપર આળોટતા નશાબાજોએ બાયડમાં કેટલી હદે દારૂનો ધુમ વેપલો થતો હશે..તેની સૌને પ્રતિતિ કરાવી છે. તાજેતરમાં જ અરવલ્લી એલ.સી.બી.માં જ દારૂનો વેપલો થતો હોવાની સ્ફોટક વિગતો સામે આવ્યા પછી પી.એસ.આઈ. સહિત કેટલાક સ્ટાફને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા પરંતુ તેમ છતાં ખાખી વર્દી અને બુટલેગરોની જુગલબંધી ઉપર અત્યારે પણ ઉણી આંચ આવી હોય તેવું દેખાતું નથી. આ સંજોગોમાં રેન્જ આઈ.જી. દ્વારા બાયડ પોલીસ સ્ટેશનની હદમાં ધમધમતા દારૂના અડ્ડાઓની તપાસ કરાવી કોના ઈશારે અડ્ડા ધમધમે છે તેની સામે પણ પગલાં ભરવાં જોઈએ જેથી અનેક પરિવારોને કોરોનાના કપરા કાળમાં બરબાદ થતા બચાવી શકાય.

બદલી થયેલા પોલીસ કર્મીઓના પણ બુટલેગરોના ત્યાં અડીંગા

બાયડ : બહાર આવેલી વિગતો અનુસાર બાયડમાંથી બદલી થયેલા હોય, બાયડમાં નોકરી કરીને નિવૃત્ત થયા હોય તેવા પોલીસ કર્મીઓ પોતાના ખાનગી વાહનમાં આવે છે અને વાહનના ડેસ્કબોર્ડ ઉપર પોલીસ લખેલું પાટીયું ટીંગાળી બુટલેગરના ત્યાં અઠવાડીયામાં એકાદ-બે વાર અડીંગા જમાવતા પણ જોવા મળ્યા છે. બુટલેગરોને પાસા હેઠળ જેલમાં ધકેલવા છતાં પણ બાયડમાં દારૂની બદી ઘટવાના બદલે સતત વધી રહી છે.

હિંમતનગરના કેમીસ્ટની સંડોવણી, સાબરકાંઠામાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરનારા જામીન ઉપર મુક્ત

ઈન્જેક્શન નકલી હોવાનું પૂરવાર થાય તો સદોષ માનવ વધનો ગુનો નોંધાશે, સિવિલ હોસ્પિટલ તરફ શંકાની સોય..!!

હિંમતનગર, તા.૦૧

સાબરકાંઠા એલ.સી.બી.ની ટીમે રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરતા ૪ ઈસમોને દબોચ્યા પરંતુ ૨ વર્ષથી ઓછી સજાનો ગુનો બનતો હોવાથી જામીન ઉપર મુક્ત થયા છે. આરોપીઓ પાસેથી કબજે લેવાયેલા ૩ ઈન્જેક્શન પરીક્ષણ માટે એફ.એસ.એલ.માં મોકલવામાં આવ્યા છે. ઈન્જેક્શન નકલી હોવાનું પૂરવાર થાય તો ૫ આરોપી સામે સદોષ માનવ વધનો ગુનો નોંધાશે જેમાં ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે. જે રીતે રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજારનું ષડયંત્ર પ્રકાશમાં આવ્યું તેમાં સિવિલ હોસ્પિટલના બે હંગામી સ્ટાફની સંડોવણી બહાર આવતાં સિવિલ હોસ્પિટલ તરફ શંકાની સોય તાકવામાં આવી છે.

કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું એટલે દર્દીઓ અને તેમના સગાઓ માટે ઠેકઠેકાણેથી માનવતાના દ્રશ્યો સામે આવ્યા છે. પરંતુ હિંમતનગરમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજારની ફરિયાદ પછી પોલીસે છટકું ગોઠવીને ૫ પૈકી ૪ આરોપીઓને દબોચી લીધા છે જેમાં હિંમતનગરના કેમીસ્ટની સંડોવણી બહાર આવતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા કેમીસ્ટ એસોસીએશનમાં હડકંપ મચી ગયો છે. તપાસ દરમ્યાન અનેક ચોંકાવનારી વિગતો સામે આવી શકે છે પરંતુ માત્ર ૩ ઈન્જેક્શનનું કાળા બજાર કરવાનો પ્રયાસ હોય તેવું નથી. ગેંગ દ્વારા અનેક ગરજવાન લોકો પાસેથી માતબર રકમ ખંખેર્યાની પણ આશંકા છે. જ્યારે રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજારમાં વોન્ટેડ ગણાતો સચિન મુખ્ય સૂત્રધાર હોવાની પોલીસને આશંકા છે. બિનસત્તાવાર સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર વોન્ટેડ આરોપી સચિન સાબરકાંઠા જિલ્લાનો વતની છે અને છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ રહે છે. મુખ્ય સૂત્રધાર ગમે ત્યારે પોલીસની પકડમાં આવી શકે છે.

રેમડેસિવિરનો કાળો કારોબાર, ડ્રગ્સ ઈન્સ્પેક્ટરો કેમ ઉંઘતા રહ્યા

હિંમતનગર : સાબરકાંઠા અને અરવલ્લીમાં છેલ્લા ૨૦ દિવસથી કોરોનાના દર્દીઓ માટે ઉપયોગમાં લેવાતા રેમડેસિવિર ઈન્જેક્શનનું ખુલ્લેઆમ કાળા બજાર થયું હતું જેમાં કેટલાક કેમીસ્ટો, ડૉક્ટરો અને સરકારી બાબુઓની સંડોવણી હોવાની આશંકા હતી. જિલ્લાના પાટનગરમાં ખુલ્લેઆમ રેમડેસિવિરનો કારોબાર ફૂલ્યો ફાલ્યો છતાં ડ્રગ્સ ઈન્સ્પેક્ટરો કેમ ઉંઘતા રહ્યા..!! પોલીસ દ્વારા પણ ડ્રગ્સ ઈન્સ્પેક્ટરો છેલ્લા ૨૫ દિવસ દરમ્યાન કોના સંપર્કમાં આવ્યા..?? તેની તમામ કોલ ડિટેલ્સ જાહેર કરવામાં આવે તો સરકારી બાબુઓથી માંડી કાળા બજારીયાઓના ગઠબંધનના નેટવર્કનો પર્દાફાશ થઈ શકે છે.

ચિત્રોડામાં કોરોનાનો કહેર વધતા તા.૧૪ મે સુધી બપોર પછી સંપૂર્ણ બજાર બંધ

ઈડર તા.૧

ઈડર તાલુકાના પૂર્વ વિસ્તારના મુખ્ય મથક ચિત્રોડા ગ્રામ પંચાયત ધ્વરા વધતા કોરોના ના કેસોને અટકાવવા માટે કડક અને શિક્ષાત્મક કાર્યવાહી સાથે ચૌદ દિવસનું એક ટાઈમ નું સમપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે.અને નિયમોનું પાલન ન કરનારાઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાની જાહેરાત કરવામાં આવી છે.

સમગ્ર દેશ ના શહેરો તેમજ ગામડાંઓ માં રોકેટગતી એ કોરોના નો વ્યાપ વધતા લોકો ટપોટપ મોત ને ભેટી રહ્યા છે.દવાખાનાઓ માં બેડ ,ઓક્સિજન ની અછત સાથે પૂરતા પ્રમાણમાં દવા ઉપલબ્ધ નથી.ત્યારે સાવચેતી એજ સલામતી ના ભાગે જિલ્લા કલેકટર ની સૂચના અને માર્ગદર્શન ના પગલે જિલ્લા સરપંચ એસોસિએશન ધ્વરા સરપંચો ને કરવામાં આવેલ ફરમાન ના આધારે ચિત્રોડા ગ્રામ પંચાયત વિસ્તાર માં આવતા તમામ લોકો ને તથા તમામ વેપારીઓ તથા સંસ્થા ઓ માટે ચિત્રોડા ગ્રામ પંચાયત વિસ્તારમાં તા.૧મેં.થી૧૪ મેં સુધી તમામ દુકાનો અને બજાર બપોરે એક વાગ્યા સુધી જ ખુલ્લું રહશે તેમજ ગામના તમામ લોકોએ માસ્ક ફરજીયાત પહેરવો તથા જાહેર જગ્યા એ વધુ લોકોએ ભેગા થવા પર તેમજ સામાજિક પ્રસનગોએ ફરજીયાત સરકારની ગાઈડ લાઈન પ્રમાણે વર્તવાનું રહશે ,ફેરિયાઓએ પંચાયત ની પરવાનગી લઈને ગામમાં પ્રવેશવાનું રહશે .આમ ઉપરોક્ત નિર્ણયો નું કડક પાલન કરવાનું રહેશે અને પંચાયત ધ્વરા બહાર પાડેલ નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે તેમ ચિત્રોડા ગ્રામ પંચાયત ના ફરમાન માં જાણવામાં આવ્યું છે.

કોરોનાની વધતી ચેઇન તોડવા કડક નિર્ણય લેવાયો

● ● ●

માસ્ક વગર અને બિન જરૂરી રખડતા લોકો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે

સાબરકાંઠા જિલ્લામાં મારૂ ગામ, કોરોના મુક્ત ગામ અભિયાનનો પ્રારંભ

જિલ્લા પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં અભિયાનને ખુલ્લું મૂકાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સ્થાપના દિવસે મારૂ ગામ, કોરોના મુક્ત ગામ અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે ત્યારે સાબરકાંઠા જિલ્લા પ્રભારી અને રાજ્ય સરકારના મંત્રી ઈશ્વરસિંહ પટેલે હિંમતનગરથી મારૂ ગામ, કોરોના મુક્ત ગામ અભિયાનને ખુલ્લું મૂક્યું હતું. ગુજરાતમાં કોરોનાનો વ્યાપ શહેરી વિસ્તારમાં વધ્યો છે અને ગ્રામ્ય વિસ્તાર સુધી વધુ વિસ્તરે નહીં તે માટે રાજ્ય સરકાર દ્વારા એક સાથે જ સમગ્ર રાજ્યમાં શનિવારથી મારૂ ગામ, કોરોના મુક્ત ગામનું અભિયાન શરૂ કર્યું છે. ગામડામાં કોરોના અંગે જાગૃતિ લાવવા ફરજીયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સિંગ, વારંવાર સાબુથી હાથ ધોવા, સેનેટાઈઝનો ઉપયોગ કરવા..ઉપર ભાર મૂકવામાં આવશે તેમજ યુવા અને વયોવૃદ્ધમાં મૃત્યુદર ઉંચકાયો છે ત્યારે પાત્રતા ધરાવતા વ્યક્તિઓમાં ફરજીયાત રસીકરણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

જિલ્લાના અધિકારીઓ અને ચૂંટાયેલા પદાધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં સાબરકાંઠા જિલ્લામાં વધતા કોરોનાના સંક્રમણ અને મૃત્યુદર બાબતે વિગતો મેળવી રાજ્ય સરકારની ટેસ્ટીંગ, ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટના ટ્રીપલ-ટી થકી વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકાય તે દીશામાં કામગીરી કરવા ઉપર ભાર મૂક્યો હતો. જિલ્લામાં બેડની ક્ષમતામાં વધારો કરવાની જરૂરીયાત હોય તો તેવા સ્થળ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. જરૂરીયાતમંદ દર્દીઓને રેમડેસિવિર ઈન્જેક્શન સરળતાથી મળી રહે અને ઓક્સિજનનો જથ્થો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ થાય તે જોવા કલેક્ટરને અનુરોધ કર્યો હતો. બેઠકમાં હિંમતનગરના ઔદ્યોગિક એકમ દ્વારા ઉત્પાદીત થતી રેપિડ કિટને જિલ્લા વહીવટી તંત્રને લોક ઉપયોગી માટે આપવામાં આવી હતી. બેઠકમાં સાંસદ દિપસિંહ રાઠોડ, રાજ્ય સભાના સાંસદ રમીલાબેન બારા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, હિતુ કનોડીયા, જિલ્લા કલેક્ટર ડૉ.રાજેન્દ્ર પટેલ, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ જે.ડી.પટેલ, કુ.કૌશલ્યા કુંવરબા સહિત જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

હે ભગવાન..મોડાસાની ખાનગી કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે દર્દીનું મોત

પરિવારજનો મૃતદેહ મૂકી ભાગી છૂટ્યા, જિલ્લા વહીવટી તંત્રએ મહિસાગર પોલીસને જાણ કરી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લી જિલ્લામાં ઓક્સિજન વિતરણની ખાડે ગયેલી વ્યવસ્થાથી સરકારી કોવિડ અને ડેજીગ્નેટેડ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. ગત રોજ મહિસાગર જિલ્લાના ખાનપુર વિસ્તારના યુવાનનું ઓક્સિજનના અભાવે સારવાર દરમ્યાન મોત નિપજ્યા પછી પરિવારજનો મૃતદેહ મૂકી ભાગી છૂટ્યા હતા. ૨૦ કલાક સુધી મૃતદેહ લેવા માટે કોઈ ન આવતાં હોસ્પિટલ દ્વારા જિલ્લા કલેક્ટરને જાણ કરવામાં આવી હતી. જેથી મહિસાગર પોલીસને જાણકારી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. કોરોના જેવો રોગચાળો વકરશે, સ્વજનો મૃતદેહને હાથ પણ નહીં લગાડે તેવા ખરાબ દિવસોની કોઈએ કલ્પના કરી ન હતી. કોરોનાથી મૃત્યુ પામેલા લોકોને બારોબાર સ્મશાન ગૃહમાં પરિવારના ૨-૪ સભ્યોની હાજરીમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે અગ્નિ સંસ્કાર કરવામાં આવી રહ્યા છે. અગાઉ કોઈનું મોત નિપજે એટલે આખા ગામમાંથી લોકો ઉમટે, સગા-સબંધી આવે અને સ્મશાન ગૃહ ભરાઈ જાય. પરંતુ અત્યારે તો કોરોનાથી કોઈનું મોત નિપજ્યું હોય તો સ્મશાન ગૃહ જવા માટે પરિવારના સભ્યો પણ તૈયાર હોતા નથી. કોરોના રોગચાળાને અટકાવવો કે પછી વિસ્તારવો તે હવે પ્રજાના હાથની વાત છે. પરંતુ ગત રોજના બનેલા મોડાસાના બનાવે ચકચાર જગાવી છે. યુવાનનો મૃતદેહ મોડાસામાં મૂકીને રવાના થઈ ગયેલા પરિવારને શોધવા પોલીસને કામગીરી સોંપવી પડે તે બાબત અત્યંત દુઃખજનક છે. એક રીતે પારિવારીક માનવતા પણ હવે કોરોનાના કારણે મરી પરવારી હોય તેવું કહી શકાય.

લગ્નો ઉપર મૂકાયેલા પ્રતિબંધ હિંસક : મેઘરજના ડેરીયાપંચાલ ગામમાં લગ્નનો વરઘોડો બંધ કરાવવા ગયેલી પોલીસ ઉપર હુમલો

૨ પોલીસ કર્મી સહિત ૫ ઘાયલ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ધજીયા ઉડ્યા, ઈસરી પોલીસ કંઈક છુપાવી રહી છે..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

મેઘરજ તાલુકાના ડેરીયાપંચાલ ગામમાં લગ્નનો વરઘોડો ચાલી રહ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હોવાથી કોઈએ જિલ્લા પોલીસ કંટ્રોલને જાણ કર્યા પછી ઈસરી પોલીસે બાતમી આધારીત સ્થળે પહોંચી હતી. પોલીસે લગ્નનો વરઘોડો બંધ કરાવતાં ખાખી વર્દી ઉપર ટોળાએ હુમલો કરી બે પોલીસ કર્મી, હોમગાર્ડ અને પોલીસની જીપના ડ્રાઈવરને માર મારતાં ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઈસરી પોલીસ ઉપર ટોળાએ હુમલો કરતાં સમગ્ર પોલીસ

બેડામાં સનસનાટી મચી છે. બનાવ બન્યાના કલાકો પછી પણ ઈસરી પોલીસે માત્ર ૨ પોલીસ કર્મી ઈજાગ્રસ્ત થયાનું જણાવ્યું છે જેથી પોલીસ ઈજાના મામલામાં કંઈક છૂપાવી રહી છે કાં તો સ્ટાફ મુદ્દે મોટો ગફલો હોવાની સંભાવના છે.

સરકાર દ્વારા કોરોનાનું સંક્રમણ વધ્યા પછી લગ્ન સહિતના શુભપ્રસંગમાં માત્ર ૫૦ લોકોની હાજરી સાથે પ્રસંગ યોજવાની મંજૂરી આપવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં અનેક લગ્ન સ્થળે જનમેદની એકત્ર થયા પછી લગ્નના આયોજકો સામે ધનસુરા, ભિલોડા સહિતના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. મેઘરજના ડેરીયાપંચાલ ગામમાં ઓ.બી.સી. પરિવારના ત્યાં લગ્ન પ્રસંગે વરઘોડો નિકાળવામાં આવ્યો હતો પરંતુ કોઈએ આ અંગે પોલીસ કંટ્રોલરૂમને જાણ કરી વરઘોડામાં વધુ પ્રમાણમાં લોકો એકઠા થયા છે. કોરોનાનું સંક્રમણ વધવાની દહેશત છે તેવી વર્ધી આપતાં ઈસરી પોલીસને તાબડતોબ વરઘોડો અટકાવવા માટે કાર્યવાહી કરવા સૂચના આપી હતી જેથી હેડકોન્સ્ટેબલ ધીરચંદભાઈ પનાભાઈ, પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ ધર્માભાઈ, જીપ ડ્રાઈવર, બે હોમગાર્ડ સહિત ડેરીયાપંચાલ ગામે પહોંચ્યા હતા જ્યાં વરઘોડો બંધ કરવવાનું કહેતાં વિફરેલા લોકોએ ખાખી વર્દીને માર મારી લોહીલુહાણ કરતાં પોલીસને જીવ બચાવવા માટે ભાગવું પડે તેવી સ્થિતિ જોવા મળી. ગંભીર ઈજાગ્રસ્ત પોલીસ કર્મીઓને સારવાર માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે ઈસરી પોલીસે ગુનો નોંધવાની તજવીજ શરૂ કરી છે.

શ્રદ્ધાંજલિ

સ્વ. ધવલકુમાર દિનેશભાઈ પંચાલ
જન્મ તા. ૨૫-૮-૧૯૯૬,
સ્વ. તા. ૨૫-૪-૨૦૨૧, રવિવાર
તેનપુર, તા. બાયડ

અંજલી આપતાં ફુલ ખૂટે છે, શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે, કુદરતને ખજાને ખોટ પડે ત્યારે માયાળુ, ધાર્મિક, મિલનસાર અને પરોપકારી સ્વભાવના માનવીના ખજાના લૂંટે છે, પ્રભુ તમારી આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના.

શોકાતૂર પરિવાર..
દિનેશભાઈ મણીલાલ પંચાલ
કુ.મેશ્વા દિનેશભાઈ પંચાલ
કુ. કિંજલ ડાહ્યાભાઈ પંચાલ
ડાહ્યાભાઈ મણીલાલ પંચાલ
જીગર ડાહ્યાભાઈ પંચાલ
તથા સમસ્ત પંચાલ પરિવારના "જય વિશ્વકર્મા"
તેનપુર, તા. બાયડ, જિ. અરવલ્લી
મો.૯૪૨૮૧૩૩૦૭૧